# શ્રી સાતગામ કંસારા સમાજ
# ૧૮ મી સામાન્ય સભા અને સંમેલન


**મુખ્ય કાયમી કાર્યાલય : નારણ લાલા સાંસ્કૃતિક ભવન, ઝવેરી સડક, નવસારી. ફોન : ૯૯૦૯૨૫૯૫૫૨**

**દિલીપભાઈ રતિલાલ કંસારા – કન્વીનર**
**મો.: 9860000556**

**સંમેલન અંગેનું કાર્યાલય**

**કશ્યપ વિજયકુમાર ભરતીયા – કોષાધ્યક્ષ**
**મો.: 9374928284**

**કશ્યપ વિજયકુમાર ભરતીયા, "ધીરજ સ્મૃતિ", ૪૧૪, નુતન નગર સોસાયટી, ને.હા.નં. ૪૮, કિલ્લા-પારડી, જિ. વલસાડ. મો.: ૯૩૭૪૦૭૮૨૮૧**



**કન્વીનર**
શ્રી દિલીપભાઈ રતિલાલ કંસારા
(વાણગામ) મો.: 98600 00556

**ભંડોળ સમિતિ – અધ્યક્ષ**
શ્રી મહેશભાઈ મોહનલાલ કંસારા
(નવસારી) મો.: 98241 00870

**સ્વાગત સમિતિ – અધ્યક્ષ**
શ્રી કશ્યપ વિજયકુમાર ભરતીયા
(પારડી) મો.: 9374928284

**સન્માન સમિતિ – અધ્યક્ષ**
શ્રી રોહિતભાઈ રતીલાલ ભરતીયા
(પારડી) મો.: 9879573179

**મંડપ સમિતિ – અધ્યક્ષ**
શ્રી હેમાન્સુભાઈ જયસુખલાલ ભરતીયા
(પારડી) મો.: 9825631848

**ભોજન સમિતિ – અધ્યક્ષ**
શ્રી કિશોરચંદ્ર ગીરધરલાલ કંસારા
(પારડી) મો.: 9825872714

**સાંસ્કૃતિક સમિતિ – અધ્યક્ષ**
શ્રી કપીલદેવ ધનસુખલાલ કંસારા
(વલસાડ) મો.: 9328902455

**સ્મરણિકા સમિતિ – અધ્યક્ષ**
શ્રી વિનોદભાઈ હરિલાલ ભરતીયા
(પારડી) મો.: 9925556314

**સ્વયંસેવક સમિતિ – અધ્યક્ષ**
શ્રી સ્નેહલભાઈ ભુપેન્દ્રભાઈ કંસારા
(વાપી) મો.: 9099002564

**સામાજીક રિત-રીવાજ સમિતિ – અધ્યક્ષ**
શ્રીમતી રેખાબેન ધનેશભાઈ કંસારા
(વલસાડ) મો.: 7405214890

**ગ્રંથ – આઈ.ટી. સમિતિ – અધ્યક્ષ**
શ્રી નયનભાઈ રાજેન્દ્રભાઈ ઘડિયાળી
(પારડી) મો.: 8866388031

**સરકારી સહાય સમિતિ – અધ્યક્ષ**
શ્રી જયેશભાઈ અશ્વિનભાઈ કંસારા
(વાપી) મો.: 9824181981


## સર્ક્યુલર

તા. ૧૩/૦૮/૨૦૨૩

શ્રી સાતગામ કંસારા સમાજની ૧૮ મી સામાન્ય સભા અને સંમેલન અંગે તા. ૧૩-૦૮-૨૦૨૩ રવિવારના દિને, પારડી હોટલ ફાઉન્ટેન ખાતે સંકલન સમિતિ તથા પેટા સમિતિની એક સંયુક્ત સભાનું આયોજન કરવામાં આવેલ હતું,જેમા સંમેલન અંગેના નીચે મુજબના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા જેની દરેક જ્ઞાતિજનોએ નોંધ લેવા વિનંતી.

૧. સંમેલન અંગે પત્રક નંબર એકમાં વિદ્યાર્થીઓના સન્માન અંગે ૭૫% નો ક્રાઈટેરિયા નક્કી કરવામાં આવેલ હતો, ત્યારબાદ અમુક જ્ઞાતિજનોનો સૂચન અને આગ્રહને માન આપી સંકલન સમિતિ દ્વારા બેચલર ગ્રેજ્યુએટ માટે ૭૫%, માસ્ટર્સ કોર્સ માટે ૬૦% અને અન્ય વિવિધ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ જેવા કે સી.એ., મેડિકલ, સ્ટ્રીમ તથા એમ.ફીલ. અને પીએચ.ડી. માટે ટકાની મર્યાદા રાખવામાં આવેલ નહોતી પરંતુ સન્માન સમિતિ તેમજ સભામાં હાજર રહેલ દરેક જવાબદાર જ્ઞાતિજનોની સાથે ચર્ચા વિચારણા બાદ આ ક્રાઈટેરિયા મુજબ સન્માનનું કાર્ય ઘણું લાંબુ થઈ જાય છે, અને સમયનો અભાવ હોવાથી સભાના સર્વાનુમતે જે વિદ્યાર્થીઓએ બેચલર્સ ગ્રેજ્યુએશન કોર્સમાં ૭૫% અને તેથી વધુ તેમજ માસ્ટર ડિગ્રીમાં ૬૦% થી વધારે મેળવ્યા હોય તેમના નામો, કોર્સની વિગત તેમજ મેળવેલ ટકાની યાદી સંમેલનના દિવસે પ્રદર્શિત કરવામાં આવશે. પહેલા પત્રક મુજબ બેચલર્સ અને માસ્ટર્સ ડિગ્રીમાં ફક્ત ૭૫% અને તેથી વધુ ગુણ મેળવેલ દરેક વિદ્યાર્થીઓને તેમજ સ્પેશિયલાઇઝ કોર્સમાં ટકાનો બાદ ના રાખતા જાહેરમાં સ્ટેજ પર સન્માન કરી સર્ટિફિકેટ અને સિદ્ધિ પુરસ્કાર આપવામાં આવશે તો ૨૦૧૫ થી ૨૦૨૩ સુધીમાં જે કોઈ જ્ઞાતિજનો એ ગ્રેજ્યુએશન અને તેથી વધુ સિદ્ધિ મેળવી હોય તેઓને તા. ૩૧/૦૮/૨૦૨૩ સુધીમાં પોતાનું સન્માન અરજી ફોર્મ ભરી પોતાના વિભાગમાં સન્માન સમિતિના પ્રતિનિધિ અથવા સન્માન સમિતિના અધ્યક્ષ શ્રી રોહિતભાઈ રતિલાલ ભારતીય ને નીચે મુજબના એડ્રેસ પર મોકલી આપવા વિનંતી.

**(શ્રી અંબિકા જનરલ સ્ટોર, સ્ટેશન રોડ, મેન બજાર, લીમડા ચોક, કિલ્લા-પારડી, જિ. વલસાડ.)**

૨. પત્રક નંબર ૧ તથા ૨ અનુસાર સમાજના સુવર્ણ જયંતી મહોત્સવ ૧૯૯૩ થી અમૃત જયંતિ મહોત્સવ ૨૦૨૩ સુધીમાં સેવા આપેલ દરેક હાજી માજી ટ્રસ્ટીઓ તેમજ માજી પ્રમુખ મંત્રીના સન્માન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું, પરંતુ સમયનો અભાવ ના કારણે, અંતરની ઈચ્છા હોવા છતાં અને સભાના સુર મુજબ દરેક સંમેલનમાં દરેક નિવૃત્તિ લેતા ટ્રસ્ટીઓ તથા પ્રમુખ મંત્રીઓનો સન્માન કરવામાં આવે જ છે, તો આ કાર્યવાહી ફરી કરવાની જરૂર નથી તેને લઈ સન્માન સમિત દ્વારા આ શ્રેણીની સન્માનની પ્રક્રિયા મોકૂફ રાખવામાં આવેલ છે જેની સર્વ જ્ઞાતિજનોએ નોંધ લેવી.

૩. સમાજની ચારે સંસ્થાના બેંક ખાતાની વિગતો ફક્ત ઓનલાઈન RTGS તેમજ NEFT પેમેન્ટ અને ચેક જમા કરવા માટે આપવામાં આવેલ છે, પરંતુ જમા કરાવનાર દરેક વ્યક્તિએ સમાજના મુખ્ય કાર્યાલય પર તેની જાણ કરવાની રહેશે તેમજ જે ખાતામાંથી પૈસા જમા કરાવ્યા હોય તે ખાતાધારકનો પાનકાર્ડ અને આધાર કાર્ડની નકલ ટ્રાન્ઝેક્શન સ્લીપ સાથે મોકલવાની રહેશે.

૪. સમાજની ચારે સંસ્થાના કોઈપણ ખાતામાં કોઈપણ વ્યક્તિએ રોકડા જમા કરાવવા નહીં અન્યથા આવા સંજોગોમાં સરકારશ્રી દ્વારા કોઈપણ ઇન્કવાયરીની જવાબદારી જે તે વ્યક્તિની પોતાની રહેશે, તેમજ તેઓ કલમ 80G લાભ લેવા પાત્ર રહેશે નહીં જેની દરેક જ્ઞાતિજનો નોંધ લેવી.

૫. સ્મરણીકા સમિતિ દ્વારા સંમેલનના દિવસે ઔદ્યોગિક પ્રદર્શન તેમજ મહિલા ગૃહ ઉદ્યોગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે, જેમાં જ્ઞાતિજનો પોતાના ઉદ્યોગનું પ્રદર્શન કરી શકશે તેમજ ગૃહ ઉદ્યોગની ફક્ત સૂકા નાસ્તાની વસ્તુઓ વેચી શકાશે, જેમાં સમિતિ દ્વારા સ્ટોલનું ભાડું રૂપિયા ૨૫૦૦/- નક્કી કરવામાં આવેલ છે, તદ્ઉપરાંત જે કોઈ વ્યક્તિને ઇલેક્ટ્રિકલ પોઇન્ટની જરૂરિયાત જણાશે તેમણે રૂપિયા ૫૦૦/- વધારે આપવાના રહેશે. તેમજ મહિલાઓને ગૃહ ઉદ્યોગક્ષેત્રે પ્રેરણા આપવા સ્ટોલના ભાડામાં ૫૦% રાહત કરી રૂપિયા ૧૨૫૦/- નું ભાડું આપવાનું રહેશે.

૬. સ્મરણિકા સમિતિ દ્વારા દરેક જ્ઞાતિજનોની સગવડ સચવાઈ રહે માટે નાસ્તા પાણી અને ઠંડા પીણાના સ્ટોલ માટે રૂપિયા ૧૫૦૦૦/- નું ભાડું નક્કી કરવામાં આવેલ છે, આ સ્ટોલ ફક્ત એક જ વ્યક્તિને વહેલા તે પહેલા ધોરણે આપવામાં આવશે.

૭. સંમેલનના કાર્યક્રમને સફળ બનાવવા તેમજ સમાજહિતના અન્ય નિર્ણયો લેવા અને કોન્ટ્રાક્ટર તથા સર્વિસ પ્રોવાઇડર નિમણૂંક કરવા માટેની સંપૂર્ણ સત્તા સંકલન સમિતિના કન્વીનર, કોષાધ્યક્ષ તેમજ ચાર સંસ્થાના પ્રમુખ ટ્રસ્ટીને આપવામાં આવેલ છે.

૮. સમાજના સાતગામના દરેક વિભાગમાં સંમેલનની કાર્યવાહીના ભાગરૂપે સ્થાનિક જ્ઞાતિજનો અને સ્થાનિક કારોબારી સમિતિની, સંકલન સમિતિ સાથે એક સંયુક્ત સભા યોજવામાં આવશે જેમાં જે તે વિભાગના જ્ઞાતિજનોને સભામાં હાજર રહેવા આગ્રહભરી વિનંતી.

લિ. આપના સહયોગી
શ્રી સાતગામ કંસારા સમાજ
૧૮ મી સામાન્ય સભા અને સંમેલન

શ્રી દિલીપભાઈ રતિલાલ કંસારા
(કન્વીનર)
મો.: ૯૮૬૦૦૦૦૫૫૬

શ્રી કશ્યપ વિજયકુમાર ભરતીયા
(કોષાધ્યક્ષ)
મો.: ૯૩૭૪૯૨૮૨૮૪